**મુંબઈની** સડકો કોઈ સૂતેલા અજગરની જેમ લંબાઈને આળસ મરડતી હતી. લગભગ અડધી રાત વીતી ચૂકી હતી તેમ છતાં સડકો ઉપર ટ્રાફિક ઘટ્યો નહોતો. વર્સોવા લિન્ક રોડ પર ફેઇમ ઍડલૅબ સિનેમા થિયેટરમાંથી બહાર નીકળી રહેલા લોકોનાં વાહનોનાં હૉર્નના કારણે અડધી રાતે પણ ઘોંઘાટથી કાન ફાટી જાય એવી સ્થિતિ હતી. પાછળ આવેલી રેસ્ટોરાંઝમાંથી નીકળેલા જુવાનિયાઓની ગાડીઓ તેજ રફતારમાં ગલીના નુક્કડ સુધી આવીને અટકી જતી અને એમણે વગાડેલાં હૉર્ન પણ આ ઘોંઘાટમાં વધારો કરતાં હતાં.

જીન્સ ઉપર ઑપન શર્ટ પહેરેલો એક છોકરો આ ગાડીઓનાં ટોળાં વચ્ચેથી રસ્તો કરતો બહાર નીકળી રહ્યો હતો. જીન્સના ફ્રન્ટ પૉકેટમાં હાથ નાખી એ બેફિકરાઈથી શરીરને આડું-ઊભું કરતો ગાડીઓની વચ્ચેથી મુખ્ય રસ્તા પર પહોંચ્યો. ત્યાં પડેલા એક કૉકના ટિનને એણે જોરથી લાત મારી. પાછળ ફરીને જોયું અને એટલી જ બેફિકરાઈથી મુખ્ય રસ્તા પર આવીને બગીચામાં ટહેલતો હોય એમ ચાલતાં-ચાલતાં એણે અંધેરી તરફ ચાલવા માંડ્યું.

લગભગ બધી જ ઑટો અને ટૅક્સીઓ ફૂલ થઈ ગઈ હતી. બાકી રહેલી એકાદ ઑટો આ છોકરાની પાસેથી પસાર થતાં ધીમી થઈ, છતાં એણે ધ્યાન ન આપ્યું એટલે પૅસેન્જરની શોધમાં આગળ નીકળી ગઈ.

સિનેમાનો ટ્રાફિક ધીમે-ધીમે ઘટી ગયો હતો. પસાર થતી ગાડીઓ સોડિયમ લાઇટના ચકરડાને વીંધતી ઝડપથી નીકળી જતી હતી.

ફ્રન્ટ પૉકેટમાં હાથ નાખીને જઈ રહેલા એ છોકરાના બાવડે એક કોમળ હાથ લપેટાયો, "પાછળ નહીં જોતા."

છોકરાએ નવાઈથી એની સામે જોયું. એની બાજુમાં ઊભેલી છોકરીને એણે સરસરી નજરથી માપી લીધી. શૉર્ટ સ્કર્ટ, નીચે જીપ્સી સેન્ડલ્સ, સ્પગેટી ટૉપ ઉપર જ્યૉર્જેટનું શર્ટ બટન ખુલ્લાં રાખીને પહેર્યું હતું, જે ખરેખર એના વળાંકોને ઢાંકવાને બદલે વધુ રસપ્રદ બનાવતું

હતું. એના ખુલ્લા વાળ કમરથી થોડા ઉપર રહેતા અને ખભાથી થોડા નીચે પહોંચતા હતા. આછો મેકઅપ એના ચહેરાને આકર્ષક બનાવતો હતો, "મારી પાછળ થોડા છોકરાઓ આવે છે. એ લોકો મને ફોલો કરી રહ્યા છે. આઇ ઍમ નિશા." એના હાથ છોકરાના બાવડા પર સહેજ વધુ કસીને લપેટાયા.

"આ તારું સાચું નામ તો નહીં જ હોય." છોકરાના ચહેરા પર એક તોફાની સ્મિત રેલાયું. એણે હળવેકથી પોતાનો હાથ એ છોકરીના લપેટાયેલા હાથમાંથી છૂટો કરવાનો પ્રયત્ન કર્યો, પણ છોકરીએ એનો હાથ છોડ્યો નહીં, "હું હાથ નહીં છોડું. એ લોકોની ગાડી ધીરે-ધીરે પાછળ આવી રહી છે."

"મારું નામ સિદ્ધાર્થ છે." એ હસ્યો, "એ મારું સાચું નામ છે." એ છોકરી થોડી વાર સિદ્ધાર્થની આંખોમાં જોઈ રહી. આવતા-જતા ટ્રાફિકની વચ્ચે બંને જણા થોડીક ક્ષણો માટે જાણે સ્થિર થઈ ગયાં. પછી એ છોકરીએ ધીમેથી કહ્યું, "સામિયા." એની આંખો ઝૂકી ગઈ, "આ સાચું નામ છે."

"સામિયા..." સિદ્ધાર્થે એનો હાથ છોડાવ્યો, "એ લોકો તારી પાછળ શું કામ પડ્યા છે?" એ હસ્યો.

"હું પાર્ટીમાંથી ઘરે જાઉં છું. એ લોકો પણ પાર્ટીમાં સાથે હતા, ત્યાંથી જ મારી પાછળ..." એણે બહુ જ થોડા ઇંચ ડોકું ફેરવીને સહેજ પાછળ જોયું, "એમાંના એક છોકરાએ મને ખુલ્લી ઑફર આપી, પાંચસો-પાંચસોની નોટો હતી. પચાસેક હજાર તો હશે જ."

"લઈ લેવા જોઈએ." સિદ્ધાર્થે હસીને કહ્યું, "આમ પણ... એ લોકો તને ઉઠાવી જશે તો કંઈ આઇસક્રીમ ખવડાવવા તો નહીં જ લઈ જાય."

"નહીં રે..." અચાનક જ સામિયાની આંખો બદલાઈ ગઈ, "હું કંઈ સતી સાવિત્રી નથી, પણ આવા સસ્તા અને ચીપ માણસો સાથે આઇસક્રીમ ખાવા જાઉં એટલી ભૂખીડાંસ પણ નથી." બંને જણા ખડખડાટ હસી પડ્યાં. ખભા પરની પર્સનો પટ્ટો સરખો કરીને સામિયા પણ સિદ્ધાર્થની સાથે-સાથે એટલી જ આરામથી ચાલવા લાગી, "ઍક્ટર બનવા આવ્યો છે?" એણે સિદ્ધાર્થને એક નજરમાં માપી લીધો, "મુંબઈનો નથી લાગતો તું..."

"અમદાવાદ..." એણે સામિયા સામે જોઈને આંખો ઝીણી કરી, "માણસોને જલદી ઓળખે છે તું."

"માણસ મળે છે જ ક્યાં આજકાલ? જાનવરોનાં ટોળાં વચ્ચે માણસ ઓળખાયા વિના થોડો રહે? ઈશ્વરે બધાને ચાર પગ આપ્યા છે, હોરિઝોન્ટલ બનાવ્યા છે – આડા... એક માણસ જ એવો છે કે જે બે પગ પર ઊભો રહી શકે છે."

"ફિલૉસૉફર છે તું તો." કહેતાં-કહેતાં સિદ્ધાર્થે એ બ્લૅક કલરની સ્કોડાને એમનાથી આગળ નીકળી જતી જોઈ. થોડે આગળ જઈને ગાડી ઊભી રહી ગઈ. સિદ્ધાર્થ સાવધ થઈ ગયો. સામિયા એની સાથે વાતો કરી રહી હતી, પણ સિદ્ધાર્થની નજર એ ગાડી પર હતી.

"મુંબઈ શહેરમાં એકલી રહેતી છોકરી ધીરે-ધીરે ફિલૉસૉફર થઈ જતી હોય છે." સામિયાએ દૂર શૂન્યમાં નજર નોંધીને નિઃશ્વાસ નાખ્યો, "આમાંનો એક છોકરો મને ઓળખે છે. એનો દોસ્ત મારો પર્મનન્ટ ક્લાયન્ટ છે."

"વૉટ?" સિદ્ધાર્થની આંખો ફાટી ગઈ.

"હું ઍક્ટ્રેસ બનવા આવી હતી. ત્રણેક વર્ષ સ્ટ્રગલ કરી. ડઝનબંધ કાસ્ટિંગ કાઉચની રમતમાંથી પસાર થયા પછી સમજાયું કે ત્યાં તો કંઈ નથી મળતું. ન રોલ, ન રૂપિયા... આમ તો ઑન કૉલ જાઉં છું. ફોર-ફાઇવ સ્ટાર સિવાયના ગેસ્ટને એન્ટરટેઇન નથી કરતી હું..." એ બોલવાનું પૂરું કરે એ પહેલાં બંને જણા ગાડીની નજીક આવી ગયા.

ગાડીમાંથી એક છોકરો ઊતર્યો. એણે સામિયાનો હાથ પકડ્યો, "અભી જ્યાદા નખરા મત દિખા. ચલ..." એણે સામિયાને સહેજ ખેંચી. એણે હાથ છોડાવ્યો.

"એક બાર ના બોલા... સમજ મેં નહીં આતા ક્યા?!"

"તૂને કિતના પૈસા દિયા?" એ છોકરો પીધેલો હતો. એની જીભ સ્લર થતી હતી, "ઇસને જિતના દિયા ઉસસે અપના પાંચ હજાર જ્યાદા... લેકિન આજ તો તૂ ચાહીએ મુઝે. બહોત નચાયા તૂને પાર્ટી મેં. ગરમ કર ડાલા મેરે કો. અભી ઠંડા ભી તૂ હી કર..." એણે ફરી સામિયાનો હાથ પકડીને ખેંચ્યો.

"નહીં. મૈંને કમિટ કર દિયા, અભી ઇસી કે સાથ જાઉંગી."

હવે એ છોકરાની છટકી, "રંડી..." એણે સામિયાનો હાથ મરડવાનો પ્રયત્ન કર્યો.

સામિયાએ વીજળીની ઝડપે હાથ છોડાવ્યો અને છોકરાને થપ્પડ મારી, "હાં... રંડી હૂં. લેકિન અપના ગ્રાહક ખુદ ચુનતી હું. અભી જાતા હૈ કિ બુલાઉ પુલિસ કો?" એણે જે મિજાજ અને ટૉનમાં કહ્યું એનાથી છોકરાને સમજાઈ ગયું કે ત્યાંથી સરકી જવામાં જ ડહાપણ છે. એ ગાડીમાં બેસી ગયો, ગાડી ચાલી ગઈ.

"આ તો તું ક્યારની કરી શકતી હતી." સિદ્ધાર્થે નવાઈથી એની સામે જોયું.

સામિયાએ કોઈ જવાબ ન આપ્યો, "ચાલ, મૅરિયટમાં કૉફી પીએ." સિદ્ધાર્થ કંઈ બોલે એ પહેલાં સામિયાએ કહી નાખ્યું, "બિલ હું આપીશ, અફકોર્સ."

"મને વાંધો નથી. ઘેર જવાની મારે કોઈ ઉતાવળ નથી." સામિયાએ પસાર થતી ટૅક્સીને હાથ કર્યો. ટૅક્સી ઊભી રહી. બંને જણા અંદર ગોઠવાયાં.

મેરિયટની લૉબીમાં સિદ્ધાર્થે પૂરા અજવાળામાં સામિયાને જોઈ. ઉંમર વીસ-બાવીસથી વધુ નહીં જ હોય એવું એની ત્વચાની કુમાશ અને શરીર પરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું. એની આંખો ચોખ્ખી હતી. સ્વચ્છ સફેદ આંખોમાં કાળી કીકી એકદમ તેજસ્વી લાગતી હતી. શરીરના વળાંકો સાચે જ આકર્ષક હતા. ચહેરો પણ નમણો હતો. ઘણી બધી હિન્દી ફિલ્મની હીરોઇન કે મૉડલ કરતાં એ ચોક્કસ વધુ સુંદર દેખાતી હતી.

"મને હજી સમજાતું નથી કે તું મારી પાછળ પૈસા ખર્ચવા શું કામ તૈયાર થઈ છે?" સિદ્ધાર્થની નજર એના ચહેરા પર એવી રીતે નોંધાઈ હતી કે રાની એ નજરનો સામનો બહુ વાર સુધી ન કરી શકી.

"પ્રેમ થઈ ગયો તારા માટે." એણે આંખ મારી. એ ચૂપચાપ આગળ ચાલવા લાગી. સીડી ઊતરીને નીચે બેઝમેન્ટમાં આવેલા કૉફીશૉપમાં બંને જણા પહોંચ્યાં ત્યારે ટેબલ પર ગોઠવાતાં સામિયાએ સિદ્ધાર્થ સામે જોયા વગર જ કહ્યું, "તારા મકાનથી ત્રણ મકાન છોડીને મારી બહેનપણી રહે છે. મેં ઘણી વાર જોયો છે તને, આવતો-જતો." હવે સામિયાની નજર સિદ્ધાર્થના ચહેરા પર હતી, "અંડર વર્લ્ડ સાથે કામ કરે છે? ભાઈ છે?"

સિદ્ધાર્થ હસી પડ્યો, "માણસ બે જ કામ માટે મુંબઈ આવે એવું કેમ લાગે છે તને? ઍક્ટર બનવા કે ગુનાખોરી કરવા સિવાય દુનિયામાં કોઈ કામ નથી?"

"તો? શું કરે છે તું?"

"એમ.એ. પૂરું કર્યું. માસ્ટર્સ ઇન કમ્યુનિકેશન. હવે પીએચ.ડી કરવું છે. ભણવા માટે મુંબઈ આવ્યો છું."

"ભણવા?" સામિયાની આંખો ઝીણી થઈ.

"હા." કપુચીનો કૉફીના ફીણ ઉપર બ્રાઉન શુગરની કોથળી ઊંધી કરતાં કૉફીની અંદર સરકી રહેલી ખાંડના કણો તરફ જોતાં સિદ્ધાર્થે ઉમેર્યું, "ઇચ્છા તો છે, પણ મેળ પડે એવું નથી લાગતું."

"કેમ?"

"હું જે માણસ પર પીએચ.ડી. કરવા માગું છું એના વિશેની માહિતી મેળવવી અઘરી છે." સિદ્ધાર્થ હજી પણ ફીણ પર તરતી બ્રાઉન શુગરના બે-ચાર કણોને જોઈ રહ્યો હતો, "સબ્જેક્ટ અને સિનોપ્સીસ અપ્રૂવ થઈ ગયા છે, પણ રિસર્ચ મટીરિયલ..."

"કોના પર પીએચ.ડી. કરવું છે તારે?"

"રઘુવીર કાશ્યપ."

"પેલો ઍક્ટર?"

"સ્ટાર... ડિરેક્ટર... ઍક્ટર... ઍડિટર... શું નહોતો એ? હિન્દી સિનેમાના ઇતિહાસનું એક આખું પ્રકરણ છે એ માણસ. બે પેઢીથી એ કુટુંબ હિન્દી સિનેમા પર રાજ કરે છે."

"એ તો..." સામિયાની આંખો ફરી ઝીણી થઈ, "એ તો મોરેશિયસમાં મરી ગયેલો... સ્ટીમરૂમમાં? ડેડબૉડી મળેલુંને એનું? છેલ્લો ફોન પેલી ઍક્ટ્રેસને કરેલો... મેં પેપરમાં વાંચેલું."

"યાહ." સિદ્ધાર્થ કશું બોલ્યા વિના કૉફી સ્ટર કરતો રહ્યો.

"શું કામ પડે છે એ બધામાં? દર થોડા દિવસે મીડિયા રઘુવીરના મડદાને બહાર કાઢીને ચૂંથે છે. નવાઈની વાત તો એ છે કે એની બૈરી, એના બે છોકરા અને એની ડૉટર સુગંધા કાશ્યપ આ વિશે કાંઈ બોલતાં નથી."

"એ જ તો..." સિદ્ધાર્થના ચહેરા પર એક વિચિત્ર પ્રકારની દઢતા છવાઈ ગઈ, "હું કોઈ પણ રીતે એના સુધી પહોંચીશ. મારે રઘુવીર કાશ્યપ ઉપર થીસિસ કરીને પીએચ.ડી. કરવું છે. મને ખબર છે કે એ માણસની જિંદગી એક આઇસબર્ગ જેવી છે. જેટલી ઉપર દેખાય છે એના કરતાં છ ગણી અંદર દબાયેલી છે."

"છોડ યાર..." સામિયાએ કૉફીનો કપ ઉપાડીને મોઢે માંડ્યો, "એની ગર્લફ્રેન્ડ પેલા ડૉન સાથે પણ ઇન્વૉલ્વ હતી. ખૂનબૂન કર્યું હશે તો વગર લેવાદેવાએ ધંધે લાગી જઈશ." સામિયા હસી પડી, "તું તો કહેતો હતો કે બે વસ્તુ સિવાય મુંબઈમાં માણસ બીજા કામે ન આવે? પણ તું તો આ બેયમાં ફસાવાની તૈયારી કરે છે." એણે ટેબલ પર મુકાયેલા સિદ્ધાર્થના હાથ પર હાથ મૂક્યો, "જો યાર, હું તને ઓળખતી નથી. આજ પછી કદાચ આપણે મળીએ પણ નહીં, છતાંય એક સલાહ આપી દઉં... તું જ્યાં કૂદવાની તૈયારી કરે છે એ આગનો દરિયો છે."

"ખબર છે મને." સિદ્ધાર્થે આટલું કહીને આંખો મીંચી દીધી. એણે ઊંડો શ્વાસ લીધો અને કૉફીનો કપ મોઢે માંડ્યો,

સામિયા એની સામે જોઈ રહી, કાં તો આ માણસ તદ્દન મૂરખ હતો અને કાં તો એ પણ જેટલો દેખાતો હતો એના કરતાં છ ગણો અંદર હતો. એણે જજમેન્ટ લેવાનો પ્રયત્ન કરતાં-કરતાં કૉફી સિપ કરવા માંડી.